# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૧/૦૬/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૭૪૧/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ગુ.ર.નં.૩૬૩/૧૯૯૮ ઈપીકો કલમ ૩૦૨,૧૧૪, મુજબ તથા સેશન્સ કેસ નં.૫૧૬/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી કિશોર ઉર્ફે શીવા ઉર્ફે ટીડી સ/ઓ અર્જુનસિંહ ચૌધરી (ઉ.વ.૨૬)(રહે. શુભાષમાર્ગ મકાન નંબર-૧ વિરાટનગર અમદાવાદ શહેર, મુળ વતન. મકાન નંબર-૩૦૫ દ્વારકાપુરી કોલોની નાકા રોડ ઈન્દોર મધ્યપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એસ.એલ.ઠક્કર સાહેબ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ નંબર-૩ લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૧૫૮ બોટલ ઇંગ્લીશ દારૂ, અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૪૪/૨૦૨૫**

**દરીયાપુરઃ** દરીયાપુર દરવાજા રૂપાપરીની પોળ ખાતે રહેતી યુવતીએ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ યુવતીની માતા ફેસબુક એપમાં વિડીયો જોતા હતા જેમાં "જુની ચલણી નોટ આપો અને અને જે નોટના સીરીજ નંબરના આધારે રૂપિયા ૧૦,૯૦,૦૦૦/- મેળવો" જેથી યુવતીની માતા પાસે રૂપિયા પાંચની ચલણી નોટ હોય, કોન્ટેક માટે આપેલ મોબાઈલ નંબર ૭૪૫૯૦૫૪૭૩૫ ના ધારક સાથે યુવતીની માતાએ વાત કરતા તેઓએ પાંચની નોટનો ફોટો મંગાવતા પાંચ રૂપિયાની નોટનો ફોટો મોકલતા તેઓએ પાંચ રૂપિયાની નોટના સીરીજ નંબરના આધારે રૂપિયા ૧૦,૯૦,૦૦૦/- મળવા પાત્ર છે. તેમજ ચાર્જ પેટે રૂપિયા ૭૫૦/- ભરવાના થશે તેમ જણાવતા તેઓએ મોકલેલ સ્કેનર ઉપર રૂપિયા ૭૫૦/- ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બીજા દિવસે મોબાઈલ નંબર ૯૭૨૯૭૦૨૧૬૧ ના ધારકે ફોન કરી રૂપિયા પાંચની નોટના બદલે પૈસા લેવા માટે અમદાવાદ એરપોર્ટ ખાતે બોલાવી વિશ્વાસ કેળવી એરપોર્ટ બહાર નિકળી પૈસા આપવાની વાત કરી, એરપોર્ટ ખાતે ટેક્સ ભરવાનું જણાવી સ્કેનર મોકલી ટેક્સ પેટે રૂપિયા ૨૯,૨૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા. ત્યારબાદ વધું પૈસાની માંગણી કરતા માલુમ પડ્યું હતું કે પોતાની સાથે છેતરપીંડી થઈ રહી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૪૫/૨૦૨૫**

**ઓઢવઃ** જગ્ગનાથ સ/ઓ શાંતિદાસ વૈષ્ણવ (ઉ.વ.૩૦) (રહે. શ્રીજી રેસીડન્સી કઠવાડા રોડ કઠવાડા નિકોલ) તા.૩૧/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ અંબિકાનગર ગણેશ ચોક નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલકે એક્સીડન્ટ કરેલ છે તેમ જણાવી જગ્ગનાથ વૈષ્ણવની કાર ઉભી રખાવી જગ્ગનાથ વૈષ્ણવને વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા. દરમ્યાન મોટર સાયકલ ચાલકના સાગરીત એ જગ્ગનાથ વૈષ્ણવની નજર ચુકવી જગ્ગનાથ વૈષ્ણવની ગાડીની ડ્રાયવર સીટની ડાબી બાજુની સીટ આગળથી રૂપિયા ૧૪,૬૨,૫૦૦/– સાથેનું લેપટોપ બેગ ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ અંગેની ફરીયાદ જગ્ગનાથ વૈષ્ણવ એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૪૬/૨૦૨૫**

**કારંજઃ** શ્યામનારાયણ કેદારનાથ ત્રિપાઠી (ઉ.વ.૫૦) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ગાંધી ચોક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૫ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે લાલ દરવાજા અપના બજાર ગેટ નંબર–૧ પાસે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સંજય શીવાજી ચલાવે છે.

**નિકોલઃ** ભારતીબહેન વા/ઓ રણજીત ઠાકોર (ઉ.વ.૨૭) (રહે.ભુવાલડી ગામ તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૫/૨૦૨૫ કલાક ૦૦/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી